પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૫ ૨૫ ઓગસ્ટ, ૨૦૧૭, શુક્રવાર ; ભાદરવા સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બસપા લાલુની રેલીમાં નહી જોડાય



રાષ્ટ્રીય જનતાદળના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવ દ્વારા યોજાનારી ભાજપ ભગાવો દેશ બચાવો રેલીમાં બસપાના સુપ્રિમો માયાવતી ભાગ નહી લે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને શરદ યાદવ રેલીમાં ભાગ લેશે.

### હરિયાણા હાઈકોર્ટે સરકારને ધમકાવી

હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધિશે હરિયાણા સરકારનો રીતસર ઉધડો લીધો હતો. ડેરા સમર્થકો આટલી સંખ્યામાં ઉમટી પડ્યા છતાંય સરકારે કોઈ પગલાં ન લેતા તે વખોડવાલાયક છે. ડીજીપીને કેમ સસ્પેન્ડ ન કરવા એટલી હદ સુધી હાઈકોર્ટે ટીકા કરી હતી.

### આધાર મામલે ત્રણ જજની બેંચ સુનાવણી કરશે

અંગતતા મૌલિક અધિકાર છે તેવા ચુકાદાના સાથોસાથ હવે આધારકાર્ડ અંગે ત્રણ ન્યાયાધિશોની બેંચ સુનાવણી કરશે. જો કે તારીખ હજુ નિશ્ચિત કરાઈ નથી.

# અંગતતા મૂળભૂત અધિકાર

**સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો : આધાર, પેન કાર્ડ, ક્રેડિટ કાર્ડમાં રહેલી માહિતી જાહેર નહીં થાય : નવ જજની બંધારણીય બેંચે ૧૯૫૪, ૧૯૬૨માં આપવામાં આવેલા ૫૫ વર્ષ જુના ચુકાદાને ઉથલાવ્યા : રાઈટ ટુ પ્રાયવસી બંધારણની કલમ ૨૧ હેઠળ**

નવી દિલ્હી,તા.૨૪ ત્રિપલ તલાકના મુદ્દા ઉપર બુધવારે ઐતિહાસિક ચુકાદો આપ્યા બાદ સુપ્રીમ કોર્ટે આજે ગુરુવારના



દિવસે રાઈટ ટુ પ્રિવેસીના સંદર્ભમાં પણ ઐતિહાસિક ચુકાદો આપીને ફરી એકવાર નવી ચર્ચા જગાવી હતી. સાથે સાથે આધાર કાર્ડને લઈને પણ લોકોમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો હતો. અંગતતા હવે મૂળભૂત અધિકાર તરીકે છે તેવી વાત સુપ્રીમ કોર્ટે કરી હતી. એક ખુબ જ મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે અંગતતાના અધિકાર અથવા તો રાઈટ ટુ પ્રિવેસીને મૂળભૂત અધિકાર એટલે કે ફન્ડામેન્ટલ રાઈટના હિસ્સા તરીકે ગણાવીને એક દાખલો બેસાડ્યો હતો. નવ જજની બંધારણીય બેંચે ૧૯૫૪થી ૧૯૬૨માં આપવામાં આવેલા ચુકાદાઓને પલટાવીને કહ્યું હતું કે,

રાઈટ ટુ પ્રિવેસી મૂળભૂત અધિકાર હેઠળ જીવનના અધિકારના હિસ્સા તરીકે છે. રાઈટ ટુ પ્રિવેસી બંધારણની કલમ ૨૧ હેઠળ આવે છે. હવે લોકોની અંગત માહિતી જાહેર કરી શકાશે નહીં. અલબત્ત આધારની યોજનાઓ સાથે જોડવા પર સુનાવણી આધાર બેંચ દ્વારા કરવામાં આવશે જેમાં પાંચ જજ રહેશે. સુપ્રીમ કોર્ટના આજના આદેશ આપ્યા બાદ તેની અંગત લાઈફ ઉપર પણ સીધી અસર થશે. સુપ્રીમ કોર્ટના અંગતતાના અધિકારને લઈને ચુકાદો જાહેર કરાયા બાદ હવે સરકારના એક એક કાયદા અંગતતાની કસોટી ઉપર ટેસ્ટ થશે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, અંગતતાના અધિકાર જીવનના અધિકાર જેવા મૌલિક અધિકાર છે. કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ મૌલિક અધિકાર સંપૂર્ણ અધિકાર હોઈ શકે નહીં જેથી

● અનુસંધાન પાન-૭ પર

## ગણપતિ બાપા મોરિયા....



# પંજાબ-હરિયાણામાં 'ધર્મ' સંકટ

ચંડીગઢ,તા.૨૪ સાધ્વી યૌન શોષણ મામલે ડેરા સચ્ચા સોદાના બાબા રામ રહીમ પર શુક્રવારે નિર્ણય આવવાનો છે. જેને સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. ત્યારે આ મામલે બાબા રામ રહીમે ટ્વિટ કરીને આ વાતની પુષ્ટિ કરી છે કે, તેઓ આ નિર્ણય માટે કોર્ટ જશે.

**રામ રહીમ પર રેપ કેસમાં આજે ફેંસલો : ડેરા ચીફ પર ચુકાદો; પંજાબ-હરિયાણામાં ભારેલો અગ્નિ, ૨૮ ટ્રેનો રદ : ડેરા પ્રમુખ બાબા રામ રહીમે કહ્યું, કાયદાનુ પાલન કરવા કોર્ટ જરૂર જઈશ**

લઈને રાજ્ય સરકારે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા માટે ભારે તેમણે લખ્યુ છે કે, અમે હંમેશા કાયદાનું સન્માન કર્યું છે. જોકે, મારી



પીઠમાં દર્દ છે, અને તેમ છતાં હું કાયદાનું પાલન કરવા માટે કોર્ટ જરૂર જઈશ. મને ભગવાન પર દ્રઢ વિશ્વાસ છે. તમામ લોકો શાંતિ બનાવી રાખે. પંજાબ અને હરિયાણા સરકારે સંયુક્ત નિર્ણયમાં ૭૨ કલાક માટે મોબાઈલ અને ઈંટરનેટ સેવા બંધ કરી દીધી છે. જો કે, અફવાઓને

**પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ૭૨ કલાક માટે મોબાઈલ અને ઈંટરનેટ સેવા બંધ, હિંસાની આશંકા જોતા ૬૪ હજાર જવાનો તૈનાત**

ઉલ્લેખનીય છે કે, નિર્ણય પહેલા ત્રણ દિવસથી હજારો ડેરા સમર્થક હરિયાણા પહોંચી ચૂક્યા છે.

સુરક્ષા વ્યવસ્થાને જોતા કારણે સ્થિતિ ક્યારેય બગડી શકે છે, જેના કારણે બન્ને રાજ્યોની સરકારે આ નિર્ણય લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# બિહાર પુર તાંડવનો મૃતાંક ૩૬૭

**૨૯મીએ વડાપ્રધાન મોદી પુરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરશે : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી રોગચાળાનું ગંભીર સંકટ તોળાયુ : અરેરિયામાં સૌથી કફોડી હાલત : લાખો નાગરિકો હજુય રાહત કેમ્પમાં**



નવી દિલ્હી,તા. ૨૪ બિહારમાં પુર સંબંધિત બનાવોમાં વધુ ૨૯ લોકોના મોતની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૩૬૭ ઉપર પહોંચી ગયો છે. વધુ ૨૯ લોકોના મોત થઈ ચુક્યા છે. નેપાળ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે બિહારમાં હાલત ખરાબ થઈ છે. બિહારમાં ૧.૪૬ કરોડથી વધુ લોકોને પુરની અસર થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૨૯મી ઓગષ્ટના દિવસે પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કરશે. બિહારમાં ૭.૬૧ લાખ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. હજુ ૧.૪૬ કરોડ લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ૨૦૩ સ્ટેટ હાઈવેને નુકસાન થયું છે. ૩.૨૭ લાખ લોકોને ૧૩૩૬ રાહત કેમ્પમાં રાખવામાં આવ્યા છે.

પ્રાપ્ત હેવાલ મુજબ બિહારના ૧૮ જિલ્લામાં ૧.૪૬ કરોડથી વધુ લોકોને માઠી અસર થઈ છે. પુરના તાંડવ બાદ મોટા ભાગની પરીક્ષા રદ કરવામાં આવી ચુકી છે. સાથે સાથે ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. રોગચાળાને રોકવા માટે હવે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# આજે ૨૦૦ રૂપિયાની નવી નોટ જારી થશે

**અનેક સુરક્ષા પાસાઓને ખાસ ધ્યાનમાં લેવામાં આવ્યા છે : દેવનાગરીમાં ૨૦૦રૂપિયા લખેલું હશે : વચ્ચે મહાત્મા ગાંધીનો ફોટો રહેશે આરબીઆઈ, ભારત, ઇન્ડિયા અને ૨૦૦ નાના અક્ષરોમાં પણ લખેલુ રહેશે**

નવી દિલ્હી,તા.૨૪ ૨૦૦ રૂપિયાની નવી નોટ આવતીકાલે જારી કરવામાં આવનાર છે. આની સાથે જ નવી નોટ ક્યારેય આવશે તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. રીઝર્વ બેંકે વિધિવતરીતે આની આજે જાહેરાત કરી હતી. નવી ૫૦૦ની નોટની જેમ જ આ નોટની ઉંચાઈ રહેશે. નોટબંધી બાદ જે રૂપિયા ૫૦૦ની નોટ જારી કરવામાં આવી હતી તેવી જ તેની ઉંચાઈ રહેશે. ૨૦૦ રૂપિયાની નવી નોટમાં બેઝ કલર બ્રાઈટ યલો રહેશે. રીઝર્વ બેંક દ્વારા નવી નોટને લઈને સેમ્પલ જારી કરતા આની ઉત્સુકતા લોકોમાં આજે જોવા મળી હતી. હાલમાં ભારતમાં ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૫૦૦ અને ૨૦૦૦ની નોટ છે. હવે દસમી નોટ તરીકે ૨૦૦ રૂપિયાની નવી નોટ લોકોના હાથમાં આવશે. બુધવારના દિવસે નવી નોટને લઈને ખુલાસો કરવામાં આવ્યો હતો. ધ્યાનમાં જોવામાં આવ્યા બાદ એક ઈમેજ દેખાશે જેમં ૨૦૦ રૂપિયા લખવામાં આવેલુ હશે. દેવનગરીમાં ૨૦૦ લખેલુ રહેશે. વચ્ચે મહાત્માં ગાંધીનો ફોટો લેશે. આરબીઆઈ, ભારત અને ૨૦૦ નાના અક્ષયમાં લખેલુ રહેશે. સિક્યુરિટી થ્રેડમાં ભારત અને આરબીઆઈ લખેલુ છે. નોટને હળવી દીધા બાદ તેનો રંગ લીલામાંથી સહેજ બદલાશે. મહાત્માં ગાધીના ફોટાની જમણી બાજુએ

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-નેપાળ વચ્ચે આઠ એમઓયુ પર હસ્તાક્ષર

**ભારત અને નેપાળ વચ્ચેના સંબંધ હિમાલય જેટલા જૂના : મોદી**

ન્યુ દિલ્હી,તા.૨૪ નેપાળના પીએમ શેર બહાદુર દેઉબાની ભારત મુલાકાત અંતર્ગત ગુરૂવારે બંને દેશો વચ્ચે અનેક મહત્વની સમજૂતી થઈ. કુલ આઠ રેંપર હસ્તાક્ષર થયા. સમજૂતી પછી પીએમ મોદીએ નેપાલ અને ભારતના સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગેની જાણકારી આપી. સાથે જ પીએમ મોદીએ પોતાના સંબંધોમાં દર વર્ષે આવતા પૂરની સમસ્યાને દૂર કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મોદીએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે નેપાળમાં બંધારણની રચના તમામ વર્ગોને ધ્યનમાં રાખીને તૈયાર કરવામાં આવે.

જૂન, ૨૦૧૭માં નેપાળની કમાન સંભાળ્યા બાદ પીએમ દેઉબા પ્રથમ વખત ભારતની મુલાકાતે આવ્યાં છે. ૫ દિવસની ભારતની મુલાકાતે આવેલાં નેપાળના પીએમ દેઉબા અને વડાપ્રધાન મોદી વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા થઈ હતી. ભારત અને નેપાળ વચ્ચે માર્ગ, સુરક્ષા, વિજળી, પાણી સહિત કુલ ૮ જેટલાં રેં થયા હતા. બંને દેશ વચ્ચે ભાગીદારીની સંભવનાઓ પર પણ વિસ્તારથી વાતચીત થઈ હતી.

' ભારત-નેપાળના સંબંધ હિમાલય જેટલાં જૂનાં' પીએમ મોદીએ કહ્યું કે, " નેપાળ અને ભારત વચ્ચેના સંબંધો હિમાલય જેટલાં મજબૂત અને જૂનાં છે. નેપાળના વિકાસમાં ભારતની ભૂમિકા મહત્વની છે. મને વિશ્વાસ છે કે નેપાળમાં તમામ વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને બંધારણને લાગુ કરવામાં આવશે.''

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, "પૂરની સમસ્યાના ઉકેલ માટે બંને દેશ વચ્ચે અનૂકુળ માહોલમાં વાતચીત થશે.''પીએમ મોદીએ કહ્યું કે, " ભારત-નેપાળ વચ્ચે ભાગીદારી, ઉર્જા, જળના સ્ત્રોત અને કનેક્ટીવિટી પ્રોજેક્ટસ પર ચર્ચા થઈ.''વડાપ્રધાને નેપાળમાં વિજળી ટ્રાંસમિશનના ક્ષેત્રે ભારતના સહયોગ અંગે પણ જણાવ્યું. તેઓએ કહ્યું કે નેપાળમાં પહેલાંથી આપવામાં આવતી ૩૫૦ મેગાવોટ વિજળીને ૧૦૦ મેગાવોટ વધારે કરવામાં આવશે.

મોદીએ રક્ષા અને સામરિક ક્ષેત્રે સહયોગની પણ વાત કરી.

● અનુસંધાન પાન-૭ પર

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઈલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની વાયનાડ-હસન
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

